# ૨.૨ દ્વીપો – ક્ષેત્રો– સમુદ્રો અને પર્વતો

## ક્ષેત્રો

ક્ષેત્ર એટલે સર્વ માનવ વસતિને રહેવાલાયક પૃથ્વી. આ જંબુદ્વીપમાં ૭ મહાક્ષેત્રોછે. દરેક બે ક્ષેત્રની વચ્ચે એક વર્ષધર ( મોટા પર્વતો) આવેલા છે. તે કુલ ૬ પર્વતો છે. સાત ક્ષેત્રના નામ આ પ્રમાણે છે. ૧) ભરત ક્ષેત્ર, ૨) હેમવંત ક્ષેત્ર, ૩) હરિવર્ષ ક્ષેત્ર, ૪) મહાવિદેહ ક્ષેત્ર, ૫) રમ્યક્ ક્ષેત્ર, ૬) હિરણ્યવંત ક્ષેત્ર, ૭) ઐરાવત ક્ષેત્ર....

જંબુદ્વીપના મધ્યભાગે મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. તેની દક્ષિણ દિશાએ ભરત–હિમવંત અને હરિવર્ષ ક્ષેત્ર આવેલું છે. ઉત્તર દિશાએ રમ્યક્, હિરણ્યવંત અને ઐરાવત ક્ષેત્ર આવેલું છે.

ભરત ક્ષેત્ર : એક પલ્યોપમનાં આયુષ્યવાળા ભરત નામનાં દેવ આ ક્ષેત્રના અધિપતિ છે. તેથી ભરત ક્ષેત્ર કહેવાય છે. જેમાં આપણે બધા વસીએ છીએ.

હેમવંત ક્ષેત્ર : હિમવંત અને મહાહિમવંત વર્ષધર પર્વતની મધ્યમાં હેમવંત ક્ષેત્ર આવેલું છે. તથા હેમ એટલે સુવર્ણ, સર્વ ઉપભોગ માટેનાં સાધનો સુવર્ણમય છે તથા શિલાપટ્ટકો ઉપર બેઠેલા યુગલિકો સુવર્ણમય દેખાવાથી હેમવંત ક્ષેત્ર કહેવાય છે.

હરિવર્ષ ક્ષેત્ર : હરિ એટલે સૂર્ય અને ચંદ્ર પણ અર્થ થાય છે. આ ક્ષેત્રમાં રહેલા કેટલાક યુગલિયા સૂર્ય જેવી લાલ પ્રભાવાળા કેટલાક યુગલિયા ચંદ્રસમાન શ્વેત પ્રભાવાળા હોય છે. તેથી તેને હરિવર્ષ ક્ષેત્ર કહેવાય છે.

મહાવિદેહ ક્ષેત્ર : વિદેહ એટલે શરીર, કર્મ ભૂમિની અપેક્ષા એ આ ક્ષેત્રનાં મનુષ્યોનું શરીર ઉદાર–મોટું હોવાથી મહાવિદેહ કહેવાય છે. બીજા ક્ષેત્રની અપેક્ષાએ આ ક્ષેત્ર લંબાઈ અને પહોળાઈમાં મોટું છે. સદાકાળ ધર્મ હોય છે. અને ૪થા આરાના ભાવો હોય છે.

રમ્યક્ ક્ષેત્ર : અહિંના યુગલિકો સુવર્ણ મણિ જડિત કલ્પવૃક્ષાોથી યુક્ત રમણીય પ્રદેશમાં રમતા – ક્રીડા કરતાં હોવાથી રમ્યક્ ક્ષેત્ર કહેવામાં આવે છે.

હિરણ્યવંત ક્ષેત્ર : રુકમી પર્વત રૂપાનો છે. શિખરી પર્વત સોનાનો છે. બંને પર્વતોની વચમાં આ ક્ષેત્રમાં આવેલું હોવાથી હિરણ્યવાળા શિખરો દેખાય છે. આ ક્ષેત્રને હિરણ્યવંત ક્ષેત્ર કહેવાય છે.

ઐરાવત ક્ષેત્ર : આ ક્ષેત્રના અધિપતિ (રાજા) ઐરાવત નામનો દેવ છે. અહિં બધી વ્યવસ્થા ભરત ક્ષેત્ર જેવી જ રહેલી છે.

## પર્વતો

આ જંબુદ્વીપમા છ મોટા વર્ષધર પર્વતો છે. (૧) હિમવંત (૨) મહાહિમવંત (૩) નિષધ (૪)નીલવંત (૫) રુકમી અને (૬) શિખરી પર્વત છે.

આ છ પર્વતો ને વર્ષધર અથવા કુલગિરિ કહેવાય છે. વર્ષ એટલે ક્ષેત્ર અને ધર એટલે ધારણ કરનાર, મહા ક્ષેત્રોની મર્યાદા બાંધીને રહેલાં હોવાથી અર્થાત્ સાત મહાક્ષેત્રોની વચ્ચે વચ્ચે હોવાથી સાત ક્ષેત્રોની મર્યાદા કરે છે. એટલે વર્ષધર કહેવાય છે. કુલ એટલે સમુદાય અને ગિરિ એટલે પર્વત અન છ એ મોટા પર્વતોનો સમુદાય હોવાથી તેને કુલ ગિરિ પણ કહેવાય છે. દરેકના નામ પ્રમાણે જ તે–તે નામના અધિપતિ દેવો છે.

આ પર્વતો પૂર્વ–પશ્ચિમ લવણ સમુદ્રને સ્પર્શેલા છે જેનો એક છેડો પૂર્વ તરફના લવણ સમુદ્ર સુધી અને બીજો છેડો પશ્ચિમ તરફનાં લવણ સમુદ્ર સુધી લંબાયેલો છે. અર્થાત્ પૂર્વ પશ્ચિમ લાંબો છે.

ભરત ક્ષેત્ર પૂરું થતાં ક્ષુલ્લ હિમવંત પર્વત તેનાથી ચાર ગણો મોટો વિસ્તારવાળો છે. મહાહિમવંત પર્વત તેનાથી ચાર ગણો મોટો છે. એમ બમણા વિસ્તારવાળા થતાં જાય છે.

ક્ષુલ્લ હિમવંત પર્વત : મહાહિમવંત પર્વત કરતાં લંબાઈ અને વિસ્તારમાં નાનો હોવાથી પહેલો પર્વત ક્ષુલ્લ હિમવંત કહેવાય છે. આ પર્વત ક્ષુલ્લ હિમવંત કરતાં લંબાઈ અને વિસ્તારમાં મોટો હોવાથી મહાહિમવંત કહેવાય છે.

નિષધ પર્વત : નિષધનો અર્થ વૃષભ પણ થાય છે. ત્રીજા પર્વત ઉપર વૃષભ આકારનાં ઘણાં શિખરો હોવાથી આ પર્વતને નિષધ કહેવાય છે.

નીલવંત પર્વત: નીલ એટલે વૈડુર્ય નામનો મણિ ચોથો વર્ષધર પર્વત સંપૂર્ણ વૈડુર્ય રત્નમય–નીલ મણિવાળો હોવાથી નીલવંત કહેવાય છે.

રુકમી પર્વત : આ પર્વત રૂપામય શાશ્વત હોવાથી રુક્મી કહેવાય છે.

શિખરીણી પર્વત : શિખરીણી એટલે વૃક્ષો આ પર્વતો ઉપર વૃક્ષ આકારનાં શિખરો હોવાથી આ પર્વત શિખરી કહેવાય છે.

## સમુદ્રો

જૈન ધર્મની માન્યતા અનુસાર આ સંપૂર્ણ મધ્યલોક ચક્ર (ગોળપૈડા) આકારે શાશ્વત પણે રહેલો છે. તેમાં સમગ્ર મધ્ય (માનવ) લોક ૭૫% પ્રાયઃ જલભંડાર થી ભરેલો છે. સમુદ્રના સ્વરૂપને જાણે યાદ કરાવતી એવી મહાનદીઓ ભલે આપણે જનરે જોવા ન મળે, પરંતુ આ સમુદ્રો, નદીઓ ક્ષેત્રો અને પર્વતોના વિસ્તૃત વર્ણનો જૈન ધર્મ ગ્રંથોમાં યથાતથ્ય સ્વરૂપે જાણવા મળે છે.

૧ લાખ યોજનવાળા જંબુદ્વીપને વીંટાઈને લવણ સમુદ્ર બે લાખ યોજનનાં વિસ્તાર વાળો પછી એક એક ખંડને એક એક તે તે નામનાં દ્વીપો અને સમુદ્રો છે. જેમ કે પુષ્કર દ્વીપ, પુષ્કરવર સમુદ્ર, વારૂણીવર દ્વીપ, વારૂણીવર સમુદ્ર ઈત્યાદિ એક – એક દ્વીપ કરતાં બમણા સમુદ્રો બમણા યોજનનાં વિસ્તાર વાળા છે. આવા મધ્યલોકમાં કુલ ૩૨ દ્વીપો છે. અને ૩૨ સમુદ્રો છે. છેક છેલ્લા સ્વયંભૂ રમણ નામે સમૂદ્ર છે.

કહેવાય છે કે લવણ સમુદ્રનું પાણી ખારૂં, ક્ષીરવર સમુદ્રનુંદ પાણી ઉકાળેલા દૂધનાં ઉત્તમ સ્વાદવાળું, ધૃતવર સમુદ્રનું પાણી, ઉત્તમ ઘીનાં સ્વાદવાળું કાલોદધિ સમુદ્ર, પુષ્કરાવર્ત સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્ર આ ત્રણ સમુદ્રોનું પાણી વરસાદનાં પાણીનાં જેવા સ્વાદવાળું, વારૂણીવર સમુદ્રનું પાણી મદિરાનાં સ્વાદવાળું બાકીનાં બધા સમુદ્રનું પાણી શેરડીનાં રસનાં જેવું સ્વાદવાળું હોય છે. એક લવણ સમુદ્ર ચારેબાજુથી ચક્રવાલ આકારે છે અને તેનું પાણી આરૂં અને કટુ હોવાથી, તે પાણીમાં રહેલા પ્રાણીઓ સીવાય બીજા બધાને અપેય છે.(તેથી તે લવણ સમુદ્ર કહેવાય છે) સમુદ્રનો અધિપતિ સુસ્થિત દેવ છે.